| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | 150 YEARS OF CELEBRATING THE MAHATMA |

**તા.૩૦/૦૧/૨૦૨૫ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૧૪૪/૨૦૨૫**

(૧) એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૫/૨૦૧૬ ઈપીકો કલમ ૪૫૪, ૩૮૦, ૪૧૩, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૫૧૫/૨૦૧૮ મુજબ અને (૨) એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૩/૨૦૧૬ ઈપીકો કલમ ૪૫૪, ૩૮૦, ૪૧૩, ૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નં.૫૧૪/૨૦૧૮ મુજબ ગુનાના કામે આરોપી સંતોષ મહાકુ રામચંદ્ર નિમ્બાલકર (રહે. ૩૧/એ ગાયત્રી હાઉસીંગ કોલોની સૈજપુર બોઘા અમદાવાદ શહેર) (મુળ વતન. ગામ-દેવાપુર તેહસીલ-માન પોસ્ટ-દેવાપુર જી-સતારા મહારાષ્ટ્ર ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી બી.કે.અવાશિયા સાહેબ, એડીશનલ સેશન્સ જજ કોર્ટ નં.૨૨ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૯૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૫૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫૬ બિયર ટીન, ૧ કાર, ૨ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૫,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી/ઉચાપતઃ-** **સમાચાર યાદી નં.૧૪૭/૨૦૨૫**

**દરીયાપુરઃ** હિતેશભાઇ ધીરૂભાઇ ગઢીયા (ઉ.વ.૨૯) (રહે. ભંડેરીપોળ સત્યનારાયણ મંદીર પાછળ દરીયાપુર) એ તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હિતેશભાઈ ગઢીયા ફાર્માસીટીકલનો ધંધો કરતા હોય તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ મોબાઈલ નંબર ૯૮૭૦૩૧૫૬૯૦ તથા ૭૮૪૦૮૦૭૪૩૩ ના ધારકે હિતેશભાઈ ગઢીયાને ફોન ઉપર વાત કરી મનિષકુમાર નામની ઓળખ આપી વોટસએપ ઉપર મેસેજ કરી ડાયાબીટીસ સુગર ચેક કરવા માટેના FreeStyle libre પ્રોડકટ એબોટ કંપનીના મશીનનું વેચાણ કરતા હોવાનું જણાવી તેમજ જે પ્રોડક્ટ વેચવાથી નફો થવાની લોભામણી લાલચ આપી હિતેશભાઈ પાસેથી ૭૨ FreeStyle libre પ્રોડકટ એબોટ કંપનીના મશીન કિમત રૂપિયા ૨,૨૦,૦૦૦/- ઓર્ડર મેળવી હિતેશભાઈ ગઢીયા પાસેથી એડવાન્સ પેમેન્ટ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ FreeStyle libre પ્રોડકટ એબોટ કંપનીના મશીન નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.વાઘેલા ચલાવે છે.

**કાલુપુરઃ** મુકેશકુમાર કાંતિલાલ ચૌધરી (ઉ.વ.૫૯) (રહે. સંપદા બંગ્લોઝ પ્રહલાદનગર ગાર્ડન પાસે પ્રહલાદનગર) એ તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કાલુપુર રેવડી બજાર શ્રીરામ ક્લોથ માર્કેટ ત્રીજા માળ ખાતે મુકેશકુમાર ચૌધારીની ડ્યુરાટેક ટુલીંગ્સ પ્રા.લી.કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા ધૃવ અરૂણકુમાર ભાવસાર (રહે. રીયલ ઓરા સોસાયટી, બળીયાદેવ મંદીર પાસે, ચાંદખેડા ગામ, ચાંદખેડા) એ તા.૧૭/૦૭/૨૦૨૩ થી તા.૦૬/૦૭/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન કંપનીના કોટક મહીન્દ્રા બેન્કના ખાતામાંથી કુલ રૂપિયા ૪,૦૪,૩૦,૫૮૨/- તેના અલગ અલગ બેન્કના એકાઉન્ટમાં તથા તેના પિતાના બેન્ક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરી લીધા હતા. ત્યારબાદ તેમાંથી રૂપિયા ૨૬,૪૯,૦૦૦/- કંપનીના એકાઉન્ટમાં જમા કરાવી બાકીના રૂપિયા ૩,૭૭,૮૧,૫૮૨/- જમા નહી કરાવી ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૮/૨૦૨૫**

**કાલુપુરઃ** ઝેદખાન હૈદરખાન પઠાણ (રહે. આશીયાના ફ્લેટ પાંચમો માળ પાંચકુવા હરણીવાળી પોળ કાલુપુર) એ તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૧/૨૦૨૫ રાતના ૯/૦૦ થી તા.૨૫/૦૧/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર પાંચકુવા રોડ માધવબાગ શાળા નંબર-૧ સામે અમદાવાદ સાયકલ સ્ટોર્સ નામની દુકાન નંબર ૨૮,૨૯ અને ૩૨ ની દુકાનના શટરનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૧,૧૬,૦૦૦/- તથા મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.જાડેજા ચલાવે છે.

**સરખેજઃ** કિર્તીકુમાર સ/ઓ દેવજીકુમાર ધોડાસરા (રહે. ઓરોબેલા ફલેટ થલતેજ ગામ મેટ્રો સ્ટેશનની બાજુમાં થલતેજ) એ તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૧/૨૦૨૫ રાતના ૯/૧૫ થી તા.૨૯/૦૧/૨૦૨૫ કલાક ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ સાણંદ શાંતીપુરા રોડ કિરણ મોટર્સની બાજુવાળી ગલીમા વંડરલેન્ડ પાસે આવેલા મણિયાર ગોડાઉન નંબર-૪ કોરોના એન્ટરપ્રાઇઝ નામના ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૯/૨૦૨૫**

**સરખેજઃ** જયેશકુમાર દોલીપસિંહ મહિડા (ઉ.વ.૨૯) (રહે.પ્રકુલભાઇ ભીખાભાઇ ભરવાડના મકાનમાં ભરવાડ વાસ ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૧/૨૦૨૫ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે બાથરૂમના દરવાજાના ઉપરના ભાગે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી